Research Review ISSN : 2321- 4708
The Refereed & Peer Review International Journal June 2019, Year - 5 (74)
www.researchreviewonline.com Paper ID : RRJ000066

# વૈદિકકાળમાં સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ

**ડો. રામ સોંદરવા**
**વહીવટી મેનેજર, કચ્છ યુનિર્વસિટી, ભૂજ**

---

ભારતની વેદકાળની મહિલા મનસ્તુતિ કાળની સ્ત્રી કરતા વધુ ઉચ્ચ સામાજિક સ્થાન ધરાવતી હતી. વેદકાળનો સમાજ પિતૃપ્રધાન સમાજ હતો. આવા સમાજમાં સ્ત્રીનું સ્થાન પ્રમાણમાં પુરૂષના સ્થાન કરતા વધુ ઉચ્ચ ન જ હતું. પરંતુ વૈદિકકાળના સમયમાં સ્ત્રીઓ ઘણા અધિકારો ભોગવતી હતી જેવા કે ઉચ્ચ શિક્ષણ, યુધ્ધ વિદ્યા આપવામાં આવતી હતી. દા.ત. લોયભુદા ગાગર્મ ઉલ્લેખનીય છે. કન્યાઓ છુટથી સમાજમાં હરી ફરતી અને ઘણી કન્યાઓ પિતાને ઘરે જ મોટી થતી અને પોતાની મેળે પુખ્તવયે પતિ પસંદ કરતી તે સમયે સ્વયંવરપ્રથા હતી. બાળલગ્નનો રિવાજ તે સમયે રિવાજ ન હતો. કન્યાની લગ્ન વય સામાન્ય રીતે ૧૮ થી ૨૦ વર્ષની ગણાતી. પત્નીને આ સમયમાં "સહધર્મચારિણી" કહેવામાં આવતી કારણ કે પતિ કોઈપણ ધાર્મિક વિધિ પત્ની વિના આરંભી શકતો નથી. પતિ–પત્નિ બન્ને ઘરના સ્વામી ગણાતા હતા. આ સમયમાં સ્ત્રી તેનો ઉપયોગ પૂર્ણ રૂપથી કરતી હતી. સ્ત્રીઓને નૃત્ય કલા શીખવાની પણ સ્વતંત્રતા હતી. આ યુગમાં વિધવાઓનું સ્થાન પણ ઉંચુ જોવા મળતુ હતું. જેમાં વિધવાને પુનઃલગ્ન કરવાની તેમજ સ્વતંત્ર રીતે રહેવાની તેમજ મા–બાપના ઘરે રહેવાની પણ છુટ હતી. આ સમયમાં વિધવા પુનઃલગ્ન એક સામાન્ય રિવાજ લેખાતો. ઋણવેદના એક શ્લોકમાં જણાવવામાં આવ્યુ છે કે વિધવા સ્ત્રી યુવાન હોય અને લગ્ન કરવા ઈચ્છતી હોય તો તે દિયર સાથે લગ્ન કરતી તેવો ઉલ્લેખ જોવા મળે છે. અત્યારે પતિના નાનાભાઈ માટે વપરાતો "દેવર" શબ્દ "દિયર" બીજો વર પરથી આવ્યો છે. આ સમયમાં વિધવાની આર્થિક સ્થિતિ ખરાબ ન હતી.

આ સમયમાં પિતા પોતાની મિલ્કત જયારે સરખે ભાગે પુત્રોને વહેંચી દેતા ત્યારે પોતાને અને પોતાની પત્નીને માટે બે હિસ્સાની વ્યવસ્થા કરતો. પત્ની જો વૈધવ્ય પામતી તો તેને આ હિસ્સો ઉપયોગી થઈ પડતો. ભાઈ વિનાની સ્ત્રીઓને પિતાની સર્વ મિલ્કત મળતી. વૈદકાળનો પુરૂષ કન્યા પત્ની તેમજ વિધવાને માનની દ્રષ્ટિએ જોતા અને તેને લઈને સ્ત્રી આર્થિક તેમજ સામાજિક અધિકારો બહોળા પ્રમાણમાં ભોગવવાને ભાગ્યશાળ થઈ હતી. આ સમયમાં પ્રતિલોમ લગ્નો પર પ્રતિબંધ ન હતો. આ સમયમાં ક્ષત્રિય રાજા બ્રાહ્મણ કન્યા સાથે લગ્ન કરતા હતા. દા.ત. ક્ષત્રિય રાજા યયાત્ત મધકાવ્યે રાજવંશી કુટુંબો વિશે રચેલા હોવાથી વિધવાની સામાજિક સ્થિતિનો તેમાં ઉલ્લેખ નથી.

વૈદિક યુગમાં સ્ત્રીનું સ્થાન ઉચ્ચ હતું પણ વૈદિક યુગ પછી એટલે કે મનુષ્યની સામાજિક વ્યવસ્થામાં રાજાનું સ્વતંત્ર વ્યકિતત્વ જોખમાવા લાગ્યુ હતું. મનુની સામાજિક વ્યવસ્થા રજાનું સ્થાન નીચુ ગયુ હતું. જેમાં સ્ત્રીઓને શિક્ષણ આપવાનું બંધ કરવામાં આવ્યુ તેમજ સ્ત્રીઓની લગ્નવય પણ નીચી થઈ હતી. તેથી બાળ વિધવાની સ્થિતિ કફોડી બની હતી. મનસ્તુતિ કાળમાં સ્ત્રીને ફકત ઘરની ગૃહિણી તરીકે આલેખવામાં આવી હતી. વિધવાને ઘરની બહાર નીકળવાનું બંધ થયુ તેમજ સામાજિક પ્રસંગોમાં પણ વિધવાને અપશુકનિયાળ માનવામાં આવતી હતી. સ્ત્રીને મિલ્કતનો અધિકાર ન હતો. આ સમયમાં સ્ત્રી એક પુરૂષની અર્ધાંગિની બનીને રહી ગઈ હતી. માત્ર ઘરમાં જ તેનુ સ્થાન છે. મનુની સામાજિક વ્યવસ્થા સ્ત્રીની સ્વતંત્રતા પર બંધન



Publishing URL: http://www.researchreviewonline.com/issues/volume-5-issue-74-june-2019/RRJ000066

આવ્યુ તેમજ સ્ત્રીને ધાર્મિક કાર્યોમાં પણ પુરૂષની સરખામણીમાં દ્વિતિય સ્થાન મળ્યુ હતું. મનુએ સ્ત્રી પ્રત્યે વિરોધાભાસ જોવા મળે છે એક તરફ પુરૂષના આધિનની વાત કરે છે, જયારે બીજી તરફ એક દઢ એવુ વિધાન પણ આપે છે. જે કુળમાં સ્ત્રી પુજાતી નથી ત્યા દેવતા પણ નિવાસ કરતા નથી. વૈદિકકાળમાં બાદ અનુક્રમે તે સમય બાદ સામાજિક પરિવર્તનના ચિહ્નો જોવા મળે છે પરંતુ શુભ પ્રસંગે વિધવાને અપશુકનિયાળ માનવાનો અનિચ્છનીય પ્રથા ઓછામાં ઓછી ૨૫૦૦ વર્ષ જુની છે.

ગૌતમ બુધ્ધના જન્મ પહેલા બ્રાહ્મણોની સતા વધી ગઈ હતી. બ્રાહ્મણોની આવી સર્વોપરિતાને લઈને સામાજિક અને ધાર્મિક પ્રગતિ બંધ થઈ ગઈ હતી. ભુદેવોના આ વર્ચસ્વ સામે બુધ્ધ બુંડ જગાવ્યુ અને સ્ત્રી સન્માનની ભાવના ફરીથી જનતામાં જાગૃત કરી. બૌધ્ધ ધર્મના સિધ્ધાંતો પ્રમાણે સ્ત્રીઓને પુરૂષ સમાજમાં સમાન અધિકારો ભોગવતા. વૈધવ્ય સમયમાં પતિની સંપતિ ઉપયોગી થઈ પડતી. પરંતુ વારસાના અધિકારો હકક ન હોવાથી વિધવાના સામાજિક સ્થિતિ એકંદરે સારી ગણાતી. વૈધવ્યને કારણે તેને સામાજિક કલંક લાગે એવુ બનતુ નહી તે જ પ્રમાણે વિધવા સ્ત્રી સૌભાગ્યવતી સ્ત્રી જેવા વસ્ત્રાલંકાર પહેરી તેને સૌભાગ્યવતી સ્ત્રી જેવા સામાજિક અધિકારો ધરાવતી એક સન્માનતા વ્યકિત માનવામાં આવતી. જે પોતાના સામાજિક અધિકારો વૈધવ્ય પહેલા અને પછી સમાન રીતે ભોગવતો. આ સમયમાં વિધુર પુનઃલગ્નનો જેમ વિધવા પુનઃલગ્ન સામાન્ય ગણાતુ. પુનઃલગ્ન કરવા કોઈપણ પ્રકારના ધાર્મિક કે સામાજિક બંધનો વિધવાને નડતા નહિ. પુનઃલગ્ન લગ્ન જેવા એક સામાન્ય બંધનો વિધવાને નડતા નહી. પુનઃલગ્ન, લગ્ન જેવા એક સામાન્ય બનાવ ગણાતો. જેમાંથી વિધવાને કોઈપણ પ્રકારનું કલંક લાગતુ નહી.

બૌધ્ધ ધર્મની પડતી થઈ અને સ્ત્રીની અને વિધવાની સામાજિક સ્થિતિ કફોડી બની. બ્રાહ્મણોએ સ્ત્રીઓની આ અવસ્થા કરી, બ્રાહ્મણોએ હિન્દુ ધર્મ પુરાણો ફરી કાઈક વધુ નવા ધોરણો મુજબ સ્થાપશે અને બુધ્ધે પ્રચારેલા પ્રમાણિત ધોરણો બદલી નાખ્યા. સ્ત્રીની સન્યાસ લેવાની છુટ બંધ થઈ તેની સાથે જ સ્ત્રીની વિધવા તરીકે સમાજમાં અધોગતિ શરૂ થઈ અને સ્ત્રીનું સ્થાન માજમાં અને ધાર્મિક વિધિઓમાં નીચુ ઉતરી ગયુ. આ સમયમાં બાળલગ્નનું પ્રમાણ વધ્યુ. પુત્ર જન્મને વધુ પડતુ મહત્વ આપવામાં આવ્યુ અને જ્ઞાતિ પ્રથાના બંધનો કડક બન્યા. સર્વ સ્મૃતિકારોએ કર્યુ કે "સ્ત્રીને બાળપણમાં પિતા યુવાનવયમાં પતિ અને વૃધ્ધાવસ્થામાં પણ સાચવે છે." બહુપત્નિત્વનો રિવાજ અને બાળલગ્નનો રિવાજને લીધે કન્યા કેળવણીના અભાવે વિધવાની સામાજિક સ્થિતિ અતિ દુઃખદાયક થઈ પડી.

આશરે અગિયારમી સદીથી વિધવા પુનઃલગ્ન પર સમાજે પ્રતિબંધ મુકવ્યા. સપ્તપદી સાતમે પગલે કન્યાનુ લઈ ચુકયા ગણાતુ અને તે પછી તત્કાળ પતિ મૃત્યુ પામતો પણ ગમે તેટલી નાની બાલીકાનું પણ પુનઃલગ્ન ન કરવામાં આવતુ, વૃધ્ધવયે વૈધવ્ય પામેલા વિધુર લગ્ન કરી શકતા શાસ્ત્રો અનુસાર ૧૧ વર્ષની બધી જ કન્યાઓ પરણી ચુકેલા હોવાથી વૃધ્ધને પણ નાની બાલીકા જ પત્ની તરીકે મળતી તેથી બાળવિધવાનું પ્રમાણ વધતુ ગયુ હતું.

તેથી વિધવા પુનઃલગ્નની પ્રથા બંધ થતા મધ્યયુગમાં સ્ત્રીની અને વિધવા સ્ત્રીની સ્થિતિ અતિ દયાજનક જોવા મળતી નથી.

# સંદર્ભસૂચિ


૧) સ્ત્રીઓનો બદલાતો દરજ્જો અને ભૂમિકા
લેખક : ડૉ. કલ્પના શાહ
પ્રકાશન : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ (૧૯૮૯)

૨) ભારતીય સમાજમાં સ્ત્રી જીવન
લેખક : નીરા દેસાઈ
પ્રકાશન : આર.આર.શેઠની કંપની, મુંબઈ–૨

૩) ભારતીય સમાજમાં વિધવાનું સ્થાન
લેખક : વત્સલા મહેતા
પ્રકાશન : ડૉ. ભોગીલાલ જે. આડેસરા
નિયામક પ્રાસ્ય વિદ્યા મંદિર, વિશ્વ વિદ્યાલય, કોઠારીયા.

૪) ગ્રામિણ ગુજરાતની વિધવાઓ
લેખક : વર્ષા ભગત ગાંગુલી
પ્રકાશન : સેતુ સેન્ટર ફોર સોશ્યલ નોલેજ એન્ડ એકશન, અમદાવાદ (૧૯૯૪)